# ગુજરાતના ક્ષતિય લોકગીતોનું આલોચનાત્મક અધ્યયન

જયોતિબેન કે. તડવી
સહ-અધ્યાપક આણંદ
કોલેજ ઓફ એજ્યુકેશન,આણંદ

એ કાઠી-રજપૂત અને ચારણી ગીતોમાંથી દ્રવતું સંગીત કોઇ પણ સાચા સંગીતભક્તને માટે અભ્યાસનો વિષય થઇ પડશે. આ સંગીતના સૂરો કોણે યોજ્યા? ક્યારે યોજતા? કઇ ભૂમિ પર એ સરજાયા? કઇ અન્ય આર્યા કર અનાર્ય જાતિ સાથે એનું સામ્ય જડે છે? એવી કોઇ તલસ્પર્શી તપાસ પરથી આ સોરઠી કોમોના પરિભ્રમણના ઇતિહાસ પર કશું અજવાળું પડે છે કે નહિં? એના વસવાટનાં સ્થલાંતર,સમસ્યાન્તર,સંસ્કાર,પરિવર્તન વગેરે વિશે આ રમણીઓનાં કંઠમાં કોઇ ઐતિહાસિક ઇશારો પડ્યો છે કે નહિં ? અને કંઇ નહિ તો વર્તમાનયુગના સંગીતોદ્ધારામાંએ કંઠ-સ્વરોને ક્યાંયે સ્થાન છે કે નહિં? શા માટે આ સૂરો શ્રોતા વર્ગને હલમલાવે છે ? શા માટે એ હજારો નારી-કંઠોમાં આપોઆપ સિંચાઇ જાય છે ? શા માટે કશી શિક્ષણશાળા અથવા તો ઉસ્તાદી તાલીમ અથવા તો સ્વર-પદ્ધતિ વિના સદીએ સદીએ ને સ્થલભ સ્થલે એ વહેણ વણરુંધ્યાં વહેતા જ રહ્યાં છે ?

### ક્ષતિય ગીતોનો વિશિષ્ટ રસ

પશુ અબે ખેતી જેના જીવનનાં આધાર છે,કુદરત જેની ચિરસંગિની છે.આંખો જેની હંમેશા પ્રકૃતિલીલામાં રમે છે,અને શોભા-શણગાર પણ જેના ઘરનાં મહેલ-મોલાત અથવા ભરચક રાચરશીલામાં હોવા હોવા કરતાં સવિશેષ તો નિસર્ગના જૂજવા રંગો કે દૃશ્યમાંછે,તેને જીવનમાં ગદ્યમય ('પ્રોઝેઇક') બનવું શે પાલવે ? એ છેક જ ગદ્યમય અવસ્થામાંપણ કાવ્યનાં આંદોલનો અનુભવી રહે. લગ્નાવસર ઊજવવો છેઃ અનાજની પ્રથમ આવશ્યકતા : ઘઉ-મગ ને અદદ-ચણા જો ખેતરમાં નીપજે તો જ વિવાહ મંડાય :વિષય સાદો છે છતાં લગ્નગીતોમાં ગવાયો. બીજી કોમોએ ગાયો સાદી રીતેઃ
કાઠા તે ઘઉની રોટલી,માહી ગળગળિયો કંસાર

ભેગાં બેસી ભોજન કરે જો પૂજ્યાં હોય મોરાર.
પરંતુ કાઠી-રજપૂતોએ જુદી રીતે ગાયુંઃ
વાદળડી રે વરસે, મેરામણ રેલે છેલે;
વાદળડનિ વરસ્યે ઘઉડા નીપજે
મે'રામણને રેલ્યે ઘઉડા નીપજે.

પહેલામાં'પૂજ્યા હોય મોરાર'ની ધર્મ-ભાવનાઃ બીજામાં કેવળ 'વાદળડી વરસે, મેરામણ રેલે છેલે'. પૂજન નહિં પણ મસ્ત રસોલ્લાસ અને મૂક્ત રેલમછેલ.

પરણનાર પુરુષનું વર્ણન લઇએ : અન્ય કોમોએ આલેખી પ્રશાંત પવિÝ,ધર્મસંસ્કારી મુદ્રાઃ

આવે આવે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વિવા કેરી વરધ
કે વર આવ્યો અજવાળાં રે

અને આ વિક્રમપૂજક, સૂર્યપૂજક જાતિઓએ જુદેરી જ જમાવટ કરી :

નવશાજીનાં રૂપ સરૂપ
જાણે રે વ્રજવાસી સૂરજ ઊગિયો જી, માણારાજ ?
બપાભાનો બોલેવો' સરૂપ,
જાણે રે મોલુંમાં ભમરો ગુંજિયો જી,માણારાજ
ડાલરિયાનો હાલેવો' સરૂપ,
જાણે.રે હંસો જી હેમર હાલિયો જી,માણારાજ
અને એવા નરને જોવા માટે જવાની લાગણી અન્ય કોમની માફક –
હું તો હાથમાં તે લેશ ફૂલ છાબડી રે,
હું તો મળીડાની મશે જોવા જાશે રે–
હું તો હાથમાં તે લેશ લાલ લાકડી રે,
હું તો ગોવાળીની મશે જોવા રે–

અથવા તો –

હળવાં તે ધોજો,ઇસવર,ધોતિયાં,છંટાશે મારાં ચીર,
અમ ઘેર દાદોજી રિસાળવા,દેશ માતા મોરી ગાળ.

એવા સંયમ,સંકોચ,ભય દાખવતા સૂરોમાં નથી વ્યક્ત થઇ.પણ 'એક ઘા ને બે કટકા' નો યુદ્ધ–મત્ર ભણેલી આ લડાયક કોમોએ તો પ્રેમના આંગણામાં પણ રણાંગણની તાલાવેલી અપનાવીઃ

ગઇ'તી ગઇ'તી ભરવાને નીર
કેસરિયે વાઘે રે નટવર દીઠડા જી, માણારાજ
વેડું મેલ્યું સરવરિયાની પાળ,
ઇંઢોણી વળગાડી આંબા કેરી ડાળખી જી, માણારાજ
દડવડી દીધી મે. તો દોટ,
લાજડલી લોપીને લીધાં હરિનાં મીઠડાં જી, માણારાજ

દેખ્યા,બેડું હેઠે મેલ્યું, દોટ દીધી. લજ્જા છાંડી, પ્રીતમનાં મીઠડાં લીધાંઃ એ બ્રહ્માનંદ ચારણ સાધુનું રચેલું : સ્વામીપંથીઓ ગાય છે મંદિરમાં, અને તે પણ પ્રભુભક્તિ કાજેઃ પણ ચારણોએ તો એને વિવાહ–ગીત કરી લઇ કન્યાની સ્નેહોર્મિ ઉછળાવવાનું વાહન બનાવ્યું.એ ખાસિયત. 'લાજલડી લોપીને...'

એ કોમોનો વનરાજ તો છે 'તંગલ ત્રોડાવળો', 'ભારે બેડીવાળો', 'ફૂલ ફેટાવાળો', 'મોતિયુંવાળોને કલંગીવાળો', 'ડોલરિયો', 'કેસરિયો', 'નેજાળો, ને 'છોગાળો', 'મોતીજડી અની મોજડી' અને હીરે જડ્યાં હથિયાર': એની તો છે 'સૂરજની અણસાર',.(કારણ કે કાઠી જાતિના ઇષ્ટદેવ સૂરજ છે. કાઠીનું બિરુદ જ નછે સૂરજના પોતરા) એ જમાઇ રાણો જ્યારે 'ઘુઘરિયાળા ઘોડા પર' ચડીને પધારે છે ત્યારે એના તલવાર–પટા પર ચોડેલી પાવલીઓના રણઝણાટે ડુંગરા ગાજેઃ અને એની ચાલ્ય છે હળવી :

મણિયલ હળવો હળવો હાલ્યા
એનાં ડગલાં છે ટૂંકા ટૂંકા–
મોતીએ જડી તારી મોજડી,તારાં હીરે જડ્યાં હથિયાર,
વર સોમલિયા પોરે પગલું ભર્યે
વર કેસરિયા ડોઢ્યે ડગલું ભર્યે
અને એ સુરા–પ્રેમી કેફી કોમને તો સૌંદર્યનું પણ ઘેન જ ગાવું ગમેઃ રૂપનું પાન કરતાં એ રસિકને ઝીણાં ઝોલાં આવે છેઃ

આઠ કૂવા રે નવ પાવઠા, એની પાણિયારે નહિ પાર
મેંધી બાઇને રૂપે જમાઇ ઝીણાં ઝોલાં ખાય

અને જેના સૌંદર્યમાં એવી સુરા ભરેલી છે તે મોંઘી બાઇ – તે કન્યા કેવે શબ્દે આલેખાય? મરઘાનેણી,દાડમદંતી અને થોડાબોલી, પિયરપૂરી,મોસાળ–મોંઘી, અંતરભીની અને રંગભીની : ચોટાળી, કડલાળી ને ચૂડાળી, વરની આંખ વખણાય તો કન્યાની પાંસોડલી (કમ્મરનાં પડખાં) વખણાય :

આવી શ્યામ ભાત પડે એ સ્વાભાવિક જ છે. લોકલગ્ન એટલે કોઇ પણ જાતનું શુદ્ધ શાસ્ત્રીય લગ્ન નહિ, પણ આઠેય જાતનાં ગણાવેલાં,ઊંચ,મધ્યમ અને કનિષ્ઠ લગ્નોના અનેક સંસ્કારોના સમન્વયને પરિણામે પ્રચલિત થયેલું લગ્ન. એટલે જ કન્યાનું અપહરણ અને કન્યાની તાબેદારી ભૂમિકા જ્યાં ને ત્યાં આ ગીતોમાં ડોકિયાં કરે છે. નવાઇ તો એ છે.કે આ અધમ લગ્ન–પ્રથાના સૂરો લગ્ન –ગીતોના આટલા જબ્બર પુંજની અંદર છેક ઓછા છે. મારવાડી અને પારસી ગીતોમાં પણ તપાસશું તો પ્રધાન ભાવના દંપતીના પ્રણયની અને પરસ્પર અનુમતિ–વરની જ તરવરે છે. જ્યાં જોઇએ ત્યાં વિવેક અને સૌહાર્દ જ ગુંજે છે. એ પરથી તો અનુમાન થાય છે કે જનતાએ પોતાના વારંવારનાં સંસ્કાર પરિવર્તનો વચ્ચે પોતાના પ્રાણને તો ઊંચેરો જ લેવા પ્રયત્ન કર્યો છે. સુગંધ સાચવી શકાઇ ત્યાં સુધી દુર્ગંધથી દૂર નૂકળવા જ જનતા મથેલી છે. નહિ તો આવા સુગંધભર્યા કાવ્યઓડકાર અખાજનો આહાર કરનારને આવે જ નહિ.